પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 27.11.2026 **MORNING: 7.45 TO 7.55**

Day: FRIDAY **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****

1) 30 નવેમ્બરથી લોકસભા, જ્યારે બીજી ડિસેમ્બરથી રાજ્યસભાની વિશેષ બેઠક શરૂ થશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી કેરળમ, મિઝોરમ અને નાગાલેન્ડની છ દિવસની મુલાકાતે.

3) ભારત આજે નવી દિલ્હીમાં હિંદ મહાસાગર રિમ એસોસિએશનની 25મી મંત્રી પરિષદ બેઠકની યજમાની કરશે.

4) ત્રિપુરામાં અગરતલા મ્યુનિસિપલ કોર્પોરેશન અને 15 અન્ય મ્યુનિસિપલ સંસ્થાઓની ચૂંટણી માટે મતદાન શરૂ

5) ક્રિકેટમાં, શ્રીલંકા-Aએ ભારત-Aને હરાવી એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ્યું.

6) મહિલા હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી સેમિફાઇનલમાં આજે ભારત મલેશિયા વચ્ચે મુકાબલો.

.....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

LOK-RAJYASABHA

આગામી દિવસોમાં લોકસભા અને રાજ્યસભા એમ બંને ગૃહમાં કામકાજ ફરી શરૂ થશે. લોકસભા 30 નવેમ્બરથી, જયારે રાજ્યસભાની 2 ડિસેમ્બરથી બેઠક શરૂ કરશે.

બંને ગૃહોની બેઠકો, કામકાજની આવશ્યકતાઓને આધીન, 3 ડિસેમ્બરના રોજ પૂર્ણ થઈ શકે છે. બંને ગૃહોની બેઠકો દરમિયાન કોઈ પ્રશ્નકાળ, શૂન્યકાળ અને ખાનગી સભ્યોની કાર્યવાહી થશે નહીં.

સરકારે લોકસભાના અધ્યક્ષ અને રાજ્યસભાના અધ્યક્ષને આવશ્યક સરકારી કામકાજ હાથ ધરવા માટે બંને ગૃહોની બેઠકો ફરીથી બોલાવવા વિનંતી કરી હતી.

PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી કેરળ, મિઝોરમ અને નાગાલેન્ડની છ દિવસની મુલાકાતે.

સાંભળીએ એક અહેવાલ

VC: ALKA-SINGH-MURMU-KOCHI

રવિવારે, તેઓ મિઝોરમના કેલ્સિહમાં રોપુઇલિયાની આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયની મુલાકાત લેશે.

સોમવારે, આઈઝોલમાં મિઝોરમ યુનિવર્સિટીના 21મા દીક્ષાંત સમારોહ અને રજત જયંતિ સમારોહના સમાપન સમારોહમાં હાજરી આપશે. 1 ડિસેમ્બરે, રાષ્ટ્રપતિ નાગાલેન્ડના કિસામામાં 27મા હોર્નબિલ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરશે.

IORA MEETING

ભારત આજે નવી દિલ્હીમાં 25મી હિંદ મહાસાગર રિમ એસોસિએશન, IORA મંત્રી પરિષદની બેઠકનું આયોજન કરશે.

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર, સેશેલ્સના વિદેશમંત્રી બેરી ફૌર, મોરેશિયસના વિદેશમંત્રી ધનંજય રામકુલ અને શ્રીલંકાના વિદેશમંત્રી વિજિતા હેરાથ IORA મંત્રી પરિષદની બેઠકમાં ભાગ લેશે.

2025-2027 માટે ભારતના IORA અધ્યક્ષપદનો વિષય હિંદ મહાસાગર ક્ષેત્રમાં નવીનતા, મુક્ત સ્થિતિસ્થાપકતા અને અનુકૂલન ક્ષમતા છે.

સાંભળીએ એક અહેવાલ.....

VC: NISHI JANI

(૨૩ સભ્ય દેશો અને ૧૨ ડાયલોગ પાર્ટનર્સના મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓની આ ઉચ્ચ-સ્તરીય બેઠક ઇન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ તબક્કે આવી રહી છે. તેમાં પ્રાદેશિક સહયોગ માળખાની સમીક્ષા કરવા અને સહયોગના નવા ક્ષેત્રોને ઓળખવા પર ભાર મૂકતા IORA માટે ભવિષ્યની નીતિ દિશા પર ચર્ચા થવાની છે. નવી દિલ્હી બેઠક શાંતિ, સ્થિરતા, આગાહી અને ટકાઉ વિકાસના ક્ષેત્ર તરીકે હિંદ મહાસાગર ક્ષેત્રના મહત્વપૂર્ણ મહત્વ પર ભાર મૂકશે.

તે મુક્ત સમાવિષ્ટ અને નિયમો-આધારિત દરિયાઈ વ્યવસ્થા માટે સામૂહિક કાર્યવાહીની મહાસાગરના વિઝન પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટી કરશે. IORA એ એક આંતર-સરકારી સંસ્થા છે જેની સ્થાપના ૭ માર્ચ, ૧૯૯૭ ના રોજ હિંદ મહાસાગરની આસપાસ પ્રાદેશિક સહયોગ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી હતી. નિશી જાની આકાશવાણી સમાચાર, અમદાવાદ.....)

S. JAISHANKAR

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે નવી દિલ્હીમાં તેમના શ્રીલંકન સમકક્ષ વિજિતા હેરાથને મળ્યા. તેમણે દ્વિપક્ષીય સંબંધો અને પ્રદેશની પરિસ્થિતિ પર ચર્ચા કરી. ડૉ. જયશંકરે કહ્યું કે તેઓ ઇન્ડિયન ઓશન રિમ એસોસિએશન, IORA ખાતે તેમની વધુ ચર્ચા માટે આતુર છે.

મંત્રીએ તેમના માલદીવના સમકક્ષ ઇરુતિશમ આદમને પણ મળ્યા. તેમણે બંનેએ ભારત-માલદીવ સંબંધોની પ્રગતિ પર નોંધોનું આદાન-પ્રદાન કર્યું અને બહુપક્ષીય, સુરક્ષા અને વિકાસ સહયોગ પર સ્પર્શ કર્યો.

બંને મંત્રીઓએ ઇન્ડિયન ઓશન રિમ એસોસિએશન, IORA અને પ્રાદેશિક મુદ્દાઓમાં સહયોગની પણ ચર્ચા કરી.

8TH NATIONAL SECURITY ADVISOR

કોલંબો સુરક્ષા પરિષદના સભ્ય દેશોએ સતત સહયોગ દ્વારા પ્રાદેશિક શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવાની સામૂહિક પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી છે.

કોલંબો સુરક્ષા પરિષદની ૪મી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સ્તરની બેઠક ગઈકાલે માલદીવ દ્વારા યોજાઈ હતી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સભ્ય દેશોએ સહયોગના પાંચ સ્તંભોમાં સહયોગને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

VC: MUKESH

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

ELECTION -TRIPURA

ત્રિપુરાના અગરતલા મ્યુનિસિપલ કોર્પોરેશન અને ત્રિપુરામાં 15 અન્ય મ્યુનિસિપલ અને શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે મતદાન આજે સવારે 7 થી સાંજે 4 વાગ્યા સુધી યોજાશે. રાજ્યભરમાં 268 બેઠકો માટે 704 મતદાન મથકો પર મતદાન થશે.

મતદાન કર્મચારીઓ, EVM અને અન્ય ચૂંટણી સામગ્રી સાથે, કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ પોતપોતાના મતદાન મથકો પર પહોંચી ગયા છે.

પશ્ચિમ જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. વિશાલ કુમારે જણાવ્યું હતું કે અગરતલામાં મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. ત્રિપુરા પોલીસ, TSR અને કેન્દ્રીય સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે.

ખોવાઈ જિલ્લામાં, 26 વોર્ડમાં 298 મતદાન કર્મચારીઓ અને 307 સુરક્ષા કર્મચારીઓ મતદાનનું સંચાલન કરશે. સાત મોડેલ મતદાન મથકોનું સંચાલન સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા કરવામાં આવશે.

HC-FOREST-FIRE

ઉત્તરાખંડ હાઈકોર્ટે ગુરુવારે રાજ્યના આગની ઘટનાના સમયગાળા દરમિયાન જંગલમાં લાગેલી આગ અંગે સ્વતઃ જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરી હતી.

કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ મનોજ કુમાર તિવારી અને ન્યાયાધીશ સિદ્ધાર્થ સાહની ડિવિઝન બેન્ચે કેન્દ્ર અને રાજ્ય સરકારને ચાર અઠવાડિયામાં નવા સોગંદનામા દાખલ કરવાનો નિર્દેશ આપ્યો. આ મામલો ચાર અઠવાડિયા પછી વધુ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે.

સુનાવણી દરમિયાન, કોર્ટને જાણ કરવામાં આવી હતી કે રાજ્ય સરકારને અગાઉ જારી કરાયેલા અનેક નિર્દેશોનો અમલ કરવામાં મુશ્કેલી પડી રહી છે. ત્યારબાદ રાજ્ય સરકારે આ આદેશને સુપ્રીમ કોર્ટ સમક્ષ પડકાર્યો.

સર્વોચ્ચ અદાલતે આ મામલો ફરીથી વિચારણા માટે હાઈકોર્ટમાં મોકલી દીધો, અને અવલોકન કર્યું કે જંગલમાં લાગેલી આગને કાબૂમાં લેવા માટે વૈજ્ઞાનિક અને તકનીકી ઉકેલોની શોધ કરવી જોઈએ અને રાજ્ય સરકારને યોગ્ય ભલામણો કરવી જોઈએ.

57TH INTERNATIONAL FILM FESTIVAL

ગોવામાં ચાલી રહેલો 57મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનો આજે આઠમો દિવસ છે. આજે ફરહાન અખ્તર, આશુતોષ ગોવારિકર અને મધુર ભંડારકર સાથેની એક ખાસ ચર્ચા થશે, જે ફિલ્મ નિર્માતાઓ તેમના ફિલ્મોની રોમાંચક કિસ્સાઓ રજૂ કરશે.

ગઈકાલનો દિવસ ખાસ રહ્યો જેમાં કલાકાર નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપતા એમની ફિલ્મ દીક્ષાની સ્ક્રિનિંગ કરવામાં આવી હતી.

બાઇટ- IFFI- નિખિલ ઉપાધ્યાય

MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 29 નવેમ્બરે આકાશવાણી પર “મનકી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 140-મી કડી હશે.

લોકો ટૉલ ફ્રી નંબર 1800—11—7800 દ્વારા આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકશે. તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય જીઓવી (MY Gov) ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પર પણ અભિપ્રાય મોકલી શકાશે.

ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને અને SMSમાં મળેલી લિન્કને અનુસરીને પ્રધાનમંત્રીને સીધા જ પોતાના મંતવ્ય મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આજે છેલ્લો દિવસ છે.

CRICKET-ASIA CUP

એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગઈકાલે રાત્રે દોહામાં રમાયેલી પહેલી સેમિફાઇનલમાં શ્રીલંકા A એ ભારત A ને આઠ વિકેટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો.

318 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, શ્રીલંકા A એ પ્રથમ સેમિફાઇનલમાં ભારત A સામે 41.3 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને 318 રન બનાવી મેચ જીતી લીધી.

પ્રથમ બેટિંગ કરતા, ભારત A એ નિર્ધારિત 50 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 317 રન બનાવ્યા. ભારત તરફથી અભિષેક શર્માએ 63 બોલમાં સૌથી વધુ 78 રન બનાવ્યા. સિનેથ જયવર્ધનેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

HOCKEY

ભોપાલમાં આજે મહિલા હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીના બીજા સેમિફાઇનલમાં યજમાન અને ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતનો મુકાબલો મલેશિયા સામે થશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ભારતે બુધવારે જાપાનને 4-0થી હરાવીને પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન અને નવીનતમ FIH વર્લ્ડ રેન્કિંગમાં ચોથું સ્થાન મેળવ્યું છે. ભારતે 2016, 2023 અને 2024માં ત્રણ વખત મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે અને હવે તે ચોથા ટાઇટલ માટે રમી રહ્યું છે. આજે પ્રથમ સેમિફાઇનલમાં જાપાન ચીન સામે ટકરાશે.

આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજે મોટાભાગના અખબારોમાં લોકસભા અને રાજ્યસભાના વિશેષ સત્ર અંગેના સમાચાર પ્રથમ પાને છાપ્યા છે
- ગુજરાત સમાચારે લખ્યું સીમાંકન માટે સરકારનો સળવળાટ સંસદની વિશેષ બેઠક
- નવગુજરાત સમય લખે છે 30 નવેમ્બરથી સંસદનું વિશેષ સત્ર સીમાંકન બીલ મુખ્ય એજન્ડામાં રહેશે
- સંદેશે લખ્યું 30 નવેમ્બરે લોકસભા 2 ડિસેમ્બરે રાજ્યસભાનું એક દિવસનું વિશેષ સત્ર
- દિવ્ય ભાસ્કર લખ્યું છે આરટીઇમાં પ્રવેશ લેનારા 34 વિદ્યાર્થીઓના વાલીની આ છે સાચી આવક લાખોમાં
- આ ઉપરાંત ચેન્નઈના જૈન દંપત્તિનું તિરુપતિ મંદિરને 208 કરોડનું દાન, સાત દિવસ રાજ્યમાં ઠંડી વધવાના . વધુ પડતા મીઠા અને ખાંડવાળા પેકેજ ફૂડ પર ચેતવણી અનિવાર્ય સહિતના સમાચાર પ્રથમ પાને વાંચવા મળી રહ્યા છે
- સ્થાનિક સમાચારમાં નજર કરીએ તો, અમદાવાદમાં પિતા સાથે સ્કૂલે જઈ રહેલી સાડા પાંચ વર્ષની બાળકીનું ટ્રક નીચે આવી જતાં મૃત્યુ, પકવાન ચાર રસ્તા જંકશન પર કેપ્સુલ સિસ્ટમથી ટ્રાફિકજામ સર્જાતા 10 કલાકમાં જ હટાવી લેવાના સમાચાર વાંચવા મળી રહ્યા છે.